# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19નાં કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઈરસનાં સંક્રમણને ધ્યાને લેતા કેટલાક વિસ્તારમો સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવું જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરાના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૨,૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક નં.NCV/102020/SF-1/G,DATE:- 20/03/2020 નાં પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ગોડાદરામાં આવેલ ૨૪૮૭૯ ઘરમાં રહેતા ૧૨૨૧૫૪ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ ક્વોરોન્ટાઈન રહેવા હુકમ કરું છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ. 135

તા.૨૩/૦૪/૨૦૨૦

કમિશનર

સુરત મહાનગરપાલિકા